# Sem. 2 March – 2013
# PSYCHOLOGY
## M. C. Q. પેપર – 1 [EC – 1] Code - 113
## સામાન્ય મનોવિજ્ઞાન – મૂળભૂત મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાઓ

ડો.જે.એચ.જોષી.

---

સૂચના : નીચેના વિધાનો "સાચા" છે કે "ખોટા" તે દર્શાવો.

1. નૈસર્ગિક નિરીક્ષણ એ વર્ણનાત્મક પધ્ધતિ છે. ______
2. નૈસર્ગિક નિરીક્ષણ પધ્ધતિમાં નિયંત્રણ શક્ય છે ______
4. કુદરતી નિરીક્ષણ પધ્ધતિ દ્વારા માત્ર ઉપયોગી માહિતીજ મેળવી શકાય. ______
5. વ્યવસ્થિત નિરીક્ષણ પધ્ધતિ એટલે સર્વેક્ષણ પધ્ધતિ. ______
6. વ્યક્તિ ઈતિહાસ પધ્ધતિ એ ચિકિત્સાત્મક પધ્ધતિ છે. ______
7. પ્રયોગ એટલે નિયંત્રિત પરિસ્થિતિમાં કરવામાં આવેલુ નિરિક્ષણ. _______
8. પ્રયોગપધ્ધતિ દ્વારા કાર્યકારણ સંબંધ સ્થાપી શકાય છે. ______
9. પરિવર્ત્યોના ત્રણ પ્રકારો પૈકી એક સ્વતંત્ર પરિવર્ત્ય છે. ______
10. સાત વર્ષની વયના બાળકના સમગ્ર દિવસના વર્તનનું વર્ણન બાર્કર અને રાઈટ નામના મનોવૈજ્ઞાનિકોએ કર્યું છે. ______
11. બેનેટ અને કોહેન નામના મનોવૈજ્ઞાનિકોએ સ્વ-ખ્યાલ અને જાતિ વચ્ચેના સંબંધનો અભ્યાસ કર્યો છે. ______
12. ગેલપ પોલ પધ્ધતિ એ સર્વેક્ષણ પધ્ધતિ જ છે. ______
13. સર્વેક્ષણ પધ્ધતિમાં જનસમુદાય પાસેથી માઅહિતિ એકત્રિત કરવામાં આવે છે ______
14. શિક્ષણ એટલે ઉંમરની સાથે વધતી પરિપક્વતાને કારણે વર્તનમાં થતો ફેરફાર. ______
15. શિક્ષણથી વર્તનમાં થતો ફેરફાર કામચલાઉ ધોરણે હોય છે. ______
19. સ્કીનર પેટીને "ઓપેરન્ટ ચેમ્બર" તરીકે ઓળખવામાં આવે છે. ______
20. શાસ્ત્રિય અભિસંધાનના પ્રયોગમાં ઘંટડીનો અવાજ અભિસંધિત ઉદ્દિપક છે. ______
21. શાસ્ત્રિય અભિસંધાનના પ્રયોગમાં ખોરાક અનભિસંધિત ઉદ્દિપક છે. ______
22. પ્રોફે.બી.એફ.સ્કીનરને નોબલ પારિતોષિક મળ્યુ હતુ. ______
23. અનુભવ કે મહાવરાને પરિણામે જો વર્તનમાં ફેરફાર થાય તો જ તેને શિક્ષણ કહેવાય. ______
24. ક્રિયાત્મક અભિસંધાનના પ્રયોગમાં ઊંદરને અન્નગુટિકા દ્વારા પ્રબલન પુરૂ પાડવામાં આવે છે. ______
25. ભેદબોધન શિક્ષણ એટલે બે ઉદ્દિપકો વચ્ચે તફાવત પાડી ભિન્ન પ્રતિક્રિયાઓ કરતાં શીખવું. ______
26. સ્મરણ એટલે ભૂતકાળના અનુભવોને અર્થમય બનાવી પુન:જાગ્રુત કરવાની પ્રક્રિયા. ____

27. સ્મરણનો અંતિમ તબક્કો પુન:પ્રાપ્તિનો છે. ______

28. સ્મરણના મુખ્ય ચાર પ્રકારો છે. ______

29. ટૂંકા ગાળાની સ્મૃતિ 20 થી 30 સેકંડ સુધીની જ હોય છે. ______

30. સ્મરણ અને ધારણ વચ્ચે તફાવત છે. ______

31. ધારણમાપનની બચત પધ્ધતિ સંશોધન કાર્યમાં વિશેષ પ્રયોજાય છે. ______

32. પુન:શિક્ષણ પધ્ધતિને બચત પધ્ધતિ તરીકે પણ ઓળખાવી શકાય. ______

33. ધારણના પ્રમાણને શિક્ષણનું પ્રમાણ ખાસ અસર કરતું નથી. ______

34. વિસ્મરણ એટલે ગ્રહણ કરેલી સામગ્રીની પુનરાવહનની નિષ્ફળતા. ______

35. શીખેલા 10 શબ્દોના સ્પેલીંગમાંથી 5 શબ્દોના સ્પેલીંગ જો વિદ્યાર્થી બોલી બતાવે તો તેને પ્રત્યભિજ્ઞાન કહેવાય. ______

36. ધારણ ઉપર અતિઅધ્યયનની થતી અસરનો અભ્યાસ એબીંગહોસે કર્યો હતો. ______

37. સ્મૃતિનો બીજો તબક્કો સંચય એટલે ધારણ. ______

38. મનોવૈજ્ઞાનિક કસોટી એટલે માત્ર બુધ્ધિ માપવાની કસોટી. ______

39. મનોવૈજ્ઞાનિક કસોટીઓ મૂળભૂત રીતે વર્તનના નમૂનાઓનું માપન કરે છે. ______

40. વિશ્વસનિયતા એ સારી મનોવૈજ્ઞાનિક કસોટીનું લક્ષણ ગણાય. ______

41. કોઈ એક કસોટી દ્વારા જુદા જુદા સમયે મેળવાયેલા પ્રાપ્તાંકો વચ્ચેની સુસંગતતા એટલે યથાર્થતા. ______

42. કસોટી જે હેતુ માટે રચવામાં આવી હોય તે હેતુ પાર પડે તો તેને કસોટીની વિશ્વનિયતા કહેવાય. ______

43. મનોવૈજ્ઞાનિક કસોટીના પ્રયોજનમાં પ્રશ્નોની ભાષા અને તેનો ક્રમ ખાસ મહત્વના નથી. ______

44. માનાંકો એટલે સરેરાશ પ્રાપ્તાંકો. ______

45. મનોવૈજ્ઞાનિક કસોટીના પ્રાપ્તાંકોના અર્થઘટન માટે માનાંકો અનિવાર્ય છે. ______

46. કોઈ પણ મનોવૈજ્ઞાનિક કસોટીની યથાર્થતા તેની વિશ્વસનિયતા કરતા વધારે હોય છે. ____

47. સારી મનોવૈજ્ઞાનિક કસોટીની વિશ્વસનિયતાનો આંક 0.90 હોવો જોઈએ. ______

48. સારી મનોવૈજ્ઞાનિક કસોટી પ્રયોજતી વખતે પ્રયોજકના ચહેરા પરના હાવભાવ મહત્વના ગણાય. ______

49. બુધ્ધિ માપવાની સૌ પ્રથમ કસોટી ઈ.સ. 1905માં બની. ______

50. ઈ.સ. 1919માં ટર્મેને બુધ્ધિ કસોટીમાં ફેરફારો કર્યા. ______

---

# Sem. 2 March – 2013
# PSYCHOLOGY
## M.C.Q પેપર – 2 [EC – 1] Code - 114
## મનોવિજ્ઞાન અને અસરકારક વર્તન

ડો.જે.એચ.જોષી

---

### સૂચના : નીચેનાં વિધાનો "સાચાં" છે કે "ખોટાં" તે દર્શાવો.

1. વ્યવસાય વિષેના દૃષ્ટિબિંદુઓમાં ખાસ કોઇ પરિવર્તન આવ્યું નથી. ______
2. વ્યવસાય વિષયક પ્યુરિટન વિચારધારાનું પતન થયું છે. ______
3. વ્યાવસાયિક સફળતા નક્કી કરવાના માપદંડો યથાવત રહ્યા છે. ______
4. સ્ત્રીઓ માટેના વ્યાવસાયિક ક્ષેત્રો આધુનિક યુગમાં પણ મર્યાદિત રહ્યા છે. ______
5. કારકિર્દી આયોજનના તબક્કાઓ ડો. જે.સી.કોલમેને વર્ણવ્યા છે. ______
6. કારકિર્દી આયોજનના તબક્કાઓ અમેરિકાના મધ્યમવર્ગને અનુલક્ષીને રજૂ થયા છે. ______
7. કારકિર્દી આયોજનનો પ્રથમ તબક્કો તરંગી કલ્પનાઓ સાથે સંકળાયેલો છે. ______
8. કારકિર્દી આયોજનનો અંતિમ તબક્કો વસ્તવિક પસંદગીનો હોય છે. ______
9. વિકલ્પશોધ, વિકલ્પસીમિતતા અને વિકલ્પનિશ્ચિતતા એ કામચલાઉ તબક્કાની પ્રક્રિયાઓ છે.__
10. વ્યવસાય પસંદગીમાં રહેલા છ ઘટકોનો ઉલ્લેખ આસ્ટીન અને નિકોલ્સ નામના મનોવૈજ્ઞાનિકોએ કર્યો છે. ______
11. વ્યવસાય પસંદગી કરતી વખતે તેમાં થનારા ભાવિ ફેરફારો વિશે જાણવુ જરૂરી નથી. ______
12. નોકરી કરતી સ્ત્રીઓની સમસ્યાઓ એ વ્યાવસાયિક સમાયોજનની સામાન્ય સમસ્યાઓ તરીકે ઓળખાય છે. ______
13. લાભવંચિત કર્મચારીઓની સમસ્યાઓ એ વ્યાવસાયિક સમાયોજનની વિશિષ્ટ સમસ્યા તરીકે ઓળખાય છે. ______
14. નોકરી કરતી સ્ત્રીઓએ કેવળ વ્યાવસાયિક ભૂમિકા જ ભજવવાની હોય છે. ______
15. લાભવંચિત કર્મચારીઓ માટે ભારત સરકારે ખાસ કોઇ જોગવાઈ કરી નથી. ______
16. શિક્ષણની અસરકારક્તાનો આધાર શીખનાર વ્યક્તિ પર રહેલો છે. ______
17. શીખવાની સામગ્રી કે કાર્યનો પ્રકાર શિક્ષણની અસરકારક્તામાં ખાસ અગત્યના નથી. ______
18. શિક્ષણને અસરકારક બનાવવા માટે શીખનારને પરિણામનું જ્ઞાન સમયસર આપવું જોઈએ. ______
19. પૂર્વશિક્ષણ વર્તમાનશિક્ષણ પર ખાસ અસર કરતું નથી. ______
20. શિક્ષણની અસરકારક્તા અને વ્યક્તિની પરિપક્વતા વચ્ચે ખાસ કોઈ સંબંધ નથી. ______
21. ગીલ્ફોર્ડે સર્જનાત્મક વિચારણાના ત્રણ સ્વરૂપો દર્શાવ્યા છે. ______

22. સર્જનપ્રક્રિયાનો પ્રથમ તબક્કો ગુપ્તસેવન છે. ______

23. સર્જન પ્રક્રિયાનો આરંભ અભિમુખતાથી થાય છે. ______

24. વ્યક્તિને તેના વર્તન કે પ્રગતિના સંદર્ભમાં તરત જ મળતી માહિતિને પ્રતિપુષ્ટિ કહેવાય. ______

25. શિક્ષણને અસરકારક બનાવવા માટે અભ્યાસની વ્યુહરચના ઘડવી જોઈએ. ______

26. બદલો કે પુરસ્કાર એટલે નિષેધક પ્રતિપુષ્ટિ. ______

27. સર્જક્તા અને બુધ્ધિની કક્ષા વચ્ચે ઊંચો સહસંબંધ છે. ______

28. સર્જક્તા અને શૈક્ષણિક સિધ્ધિ વચ્ચે કોઈ સહસંબંધ નથી. ______

29. આવેગાત્મક ક્ષમતા એટલે નિષેધક આવેગોને પહોંચી વળવાની આવડત. ______

30. રચનાત્મક આવેગો વિકસાવવા માટે વિધાયક અને નિષેધક એમ બંન્ને પ્રકારના આવેગો વિકસાવવા જોઈએ. ______

31. હાસ્યવૃત્તિ કેળવવાથી રચનાત્મક આવેગો કેળવી શકાય છે. ______

32. આવેગિક ક્ષમતા માટે વ્યક્તિએ હંમેશાં વાસ્તવિક સંદર્ભો પ્રાપ્ત કરવા જોઈએ. ______

33. આવેગાત્મક નબળાઈઓ સાથે કામ પાર પાડવામાં ભાવવિરેચન ખાસ ઉપયોગી નિવડી શકે નહીં. ______

34. અભિસંધાન નાબુદી એ આવેગાત્મક નબળાઈઓ સાથે કામ પાર પાડવાની મહત્વની રીત છે. ______

35. આવેગાત્મક અભિવ્યક્તિ અને નિયંત્રણની રીતોમાં વ્યક્તિગત તફાવતો જોવા મળે છે.______

36. સામાજિક ક્ષમતા એટલે સામાજિક સંબંધો સ્થાપવાની અને જાળવવાની ક્ષમતા. ______

37. આંતરવૈયક્તિક સંબંધોનો એક મહત્વનો સિધ્ધાંત એ છે કે પોતાના હક્કો અને સ્વાયત્તતાનો સ્વિકાર. ______

38. એક વ્યક્તિની સંમતિ કે અસંમતિ અન્ય વ્યક્તિની અન્ય વ્યક્તિ પર ખાસ અસર કરી શકે નહીં. ______

39. સામાજિક સંબંધોમાં અન્ય વ્યક્તિનું મહત્વ નિર્જીવ પદર્થ જેટલું જ આંકવુ જોઈએ. ______

40 “હું-તું” પ્રકારના સંબંધો એટલે સજીવ સંબંધો. ______

41. “હું-તું” પ્રકારના સંબંધો એટલે નિર્જીવ સંબંધો. ______

42. “હું-તું” અને “હું-તે” પ્રકારના સંબંધોનો ઉલ્લેખ બુબર નામના મનોવૈજ્ઞાનિકે કર્યો છે. ______

43. સારા આંતરવૈયક્તિક સંબંધો માટે હેતુઓની સમાનતા જરૂરી નથી. ______

45. વોલમેન નામના મનોવૈજ્ઞાનિકે સંબંધોમાં ત્રણ પ્રકારના વલણો દર્શાવ્યા છે. ______

46. વ્યકિત બીજાઓ વિશે જે વિચારે છે. તે આંતરવૈયક્તિક સંબંધોને અસર કરે છે. ______

47. અન્ય વ્યક્તિની બિનશરતી સ્વીકૃતિ એટલે સામાજિક ક્ષમતા ______

48. વ્યક્તિનો સ્વીકાર કરવો એટલે તેના બધા કાર્યોનો પણ સ્વીકાર કરવો. ______

49. ટીકા કરવી તે એક કલા છે. ______

50. “ના” પાડતા શીખવું જરૂરી નથી. ______

**Sem.2 March – 2013**
**PSYCHOLOGY**
**M. C. Q.**
**Paper – EC- 2 – Code – 115**

# વૈયક્તિક સમાયોજનનું મનોવિજ્ઞાન

ડૉ.જે.એચ.જોષી

---

સૂચના: નીચેના વિધાનો "સાચાં" છે કે "ખોટાં" તે દર્શાવો.

1.પ્રેરણા એટલે પ્રવૃત્તિને પ્રેરનારા આંતરિક અને બાહ્ય પરિબળો. ______

2.માનસિક સમતુલા પુન:પ્રાપ્ત થાય તે પહેલાં જ પ્રેરિત વર્તન પૂર્ણ થઈ જાય છે. ______

3. પ્રેરક પરિસ્થિતિ એ પ્રેરણાચક્રનો અંતિમ તબક્કો છે. ______

4. પ્રેરણાચક્રના અંતે વ્યક્તિ સંતોષ કે રાહતની લાગણીનો અનુભવ કરે છે. ______

5. જરૂરિયાત એ અભાવસૂચક અનુભવ છે. ______

6. જરૂરિયાત અને ધ્યેયની પસંદગી વચ્ચે કોઈ સંબંધ નથી. ______

7. જરૂરિયાતથી થતું પ્રેરિત વર્તન પસંદગીયુક્ત હોય છે. ______

8. ભૂખ અને તરસ એ મનોવૈજ્ઞાનિક પ્રેરણાઓ છે. ______

9. સ્નેહ અને આત્મગૌરવ એ સામાજિક પ્રેરણાઓ છે. ______

10. શારીરિક અસ્તિત્વ ટકાવવા માટે મનોવૈજ્ઞાનિક જરૂરિયાતોનો સંતોષ જરૂરી છે. ______

11. માનસિક જોમ ટકાવવા માટે મનોવૈજ્ઞાનિક પ્રેરણાઓનો સંતોષ અનિવાર્ય છે. ______

12. હતાશા એટલે નિષ્ફળતાજન્ય મનસિક અવસ્થા. ______

13. હતાશાને પરિણામે આક્રમક્તા ઉદભવે છે. ______

14. હતાશાની રચનાત્મક અસરો પણ હોઈ શકે છે. ______

15. હતાશાસહનક્ષમતા માટે અંગ્રેજીમાં ટૂંકમાં S.T.L. અક્ષરો વપરાય છે. ______

16. હતાશાસહનક્ષમતાને ધ્યેયના મહત્વ સાથે ખાસ સંબંધ નથી. ______

17. ડૉ. સિગ્મંડ ફ્રોઈડે અજ્ઞાત પ્રેરણાનો ખ્યાલ આપ્યો. ______

18. શારીરિક પ્રેરણાઓ સંપાદિત હોય છે. ______

19. પ્રેરણાઓ વચ્ચે કોઈ આંતરસંબંધ હોતો નથી. ______

20. દરેક વ્યક્તિની હતાશા સહનક્ષમતાની કક્ષા એક સરખી જ હોય છે. ______

21. વિધ્યાભ્યાસમાંથી વ્યવસાયમાં સંક્રમણ થાય ત્યારે વ્યક્તિ અસલામતીનો ભાવ અનુભવે છે. ______

22. ડૉ.જે.સી.કોલમેને વ્યવસાય પસંદગીના તબક્કાઓ દર્શાવ્યા છે. ______

23. લેહનર અને ક્યુબના મતે વ્યવસાય પસંદગીમાં અંતિમ તબક્કો પસંદગી સ્થિર થવાનો હોય છે. ______

24. વ્યક્તિની આર્થિક-સામાજિક સ્થિતિ વ્યવસાય પસંદગીને ખાસ અસર કરતી નથી. ______

25. વ્યક્તિની અભિયોગ્યતાઓ વ્યવસાય પસંદગીની પ્રક્રિયાને સીધી અસર કરે છે. ______

26. વ્યવસાય કરતી પરિણીત અને અપરિણીત સ્ત્રીઓની સમસ્યાઓ સરખી જ હોય છે. ______

27. વ્યાવસાયિક સંતોષને કાર્યની શરતો ખાસ અસર કરી શકે નહીં. ______

28. બાલ્યકાળમાં થતી વ્યવસાયની પસંદગી અંતિમ પસંદગી પૂરવાર થાય છે. ______

29. વ્યાવસાયિક સંતોષ પ્રાપ્ત કરવાથી વ્યક્તિની શારીરિક જરૂરિયાતો સંતોષાય છે. ______

30. મીનેસોટા કારકૂની કસોટી એ અભિયોગ્યતા કસોટી છે. ______

31. લેહનર અને ક્યુબે આત્મપ્રેમ, સજાતિય પ્રેમ અને વિજાતીય પ્રેમનો ઉલ્લેખ કર્યો છે. ______

32. જીવનસાથીની પસંદગીની પ્રક્રિયામાં રોમેન્ટિક પ્રેમ અવરોધક નીવડે છે. ______

33. સમાજમાં સ્ત્રી-પુરૂષનું પ્રમાણ જીવનસાથીની પસંદગીને અસર કરી શકે નહીં. _______

34. બેકરના અભ્યાસમાં અપરિણીત સ્ત્રીઓ પ્રતિસમાયોજિત જોવા મળી છે. _______

35. બેકરના અભ્યાસ પ્રમાણે અપરિણીત પુરૂષો સુસમાયોજીત હોય છે. _______

36. મનોવિશ્લેષણ્વાદી દ્રષ્ટિબિંદુ પ્રમાણે પ્રેમનાત્રણ સ્વરૂપો ફ્રોઈડે રજૂ કર્યા છે. ______

37. એકલતા એ પ્રેમની જરૂરિયાતનો મૂળભૂત આધાર છે. _______

38. લગ્નજીવનના સુખ માટે સામાજિક સમાયોજન વિશેષ જરૂરી બને છે. _______

39. મનોજાતિય સમાયોજન સુખી લગ્નજીવન માટે આવશ્યક છે. _______

40. એરિક ફ્રોમે પ્રેમનાં વિવિધ સ્વરૂપો દર્શાવ્યા છે. _______

41. લગ્ન ન કરવાનું એક મહત્વનું કારણ એ  વ્યક્તિની લઘુતાગ્રંથી છે. _______

42. વૃધ્ધાવસ્થાનો આરંભ સામાન્ય રીતે 50 વર્ષની વયથી જ ગણાય. _______

43. વૃધ્ધાવસ્થા દરમ્યાન વ્યક્તિત્વમાં કોઈ પરિવર્તન આવતું નથી. _______

44. વૃધ્ધાવસ્થા માં શારીરિક ફેરફારો જોવા મળે છે. _______

45. વૃધ્ધાવસ્થામાં વ્યક્તિની સ્મૃતિ યથાવત જળવાઈ રહે છે. _______

46. વૃધ્ધાવસ્થામાં વ્યક્તિની શીખવાની શક્તિ નબળી પડી જાય છે. _______

47. યૌવનની વધુ પડતી પ્રતિષ્ઠાને કારણે વૃધ્ધાવસ્થામાં સમાયોજનની સમસ્યાઓ ઉદ્ભવે છે.____

48. ડેવીસ રીશમેને વૃધ્ધોના ત્રણ પ્રકારો ગણાવ્યા છે. _______

49.વૃધ્ધો વર્તમાન કરતાં ભૂતકાળની ઘટનાઓ વધારે સારી રીતે યાદ રાખી શકે છે. _______

50. વૃધ્ધાવસ્થાની સમાયોજનની સમસ્યાઓ વિશે રચનાત્મક વિચારણા શક્ય નથી. _______